RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
Shri Chimanbhai Patel Vikas Bhavan, Post Box No. 238, Jamnagar Road, Rajkot.
Phone : 0281 - 2440810, 2476874, 2476799 Fax : 0281-2450523
Email : info@rajkotuda.com, Web. : www.rajkotuda.com

## પ્રેસ નોટ

પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) હેઠળ રાજકોટ શહેરી વિકાસ સતામંડળ દ્વારા નિર્માણધિન EWS-1 અને EWS-2 પ્રકારનાં આવાસો પૈકી ખાલી રહેલા આવાસો ફાળવવા માટે માન્ય અરજદારો પાસે અરજી મંગાવવાની પ્રક્રિયા ચાલુ થનાર છે. અરજદાર એચ.ડી.એફ.સી, બેન્ક, રાજકોટ શહેરની નીચે મુજબ ની જુદીજુદી શાખાઓ માંથી **તા.૨૦/૦૯/૨૦૨૩** થી **તા.૧૧ /૧૦/૨૦૨૩** સુધીમાં અરજી ફોર્મ મેળવી શકશે.

| | | |
|---|---|---|
| યાજ્ઞીક રોડ બ્રાન્ચ : "ટાઈટેનીયમ", પ્રમુખ સ્વામી આર્કેડ પાસે, યાજ્ઞીક રોડ, રાજકોટ | કાલાવડ રોડ બ્રાન્ચ : વોક હાર્ટ હોસ્પીટલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ | મવડી રોડ બ્રાન્ચ : નીલકંઠ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, બાપાસીતારામ ચોક પાસે, મવડી મેઈન રોડ, રાજકોટ |
| રણછોડ નગર બ્રાન્ચ : સીટી ગોલ્ડ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, પટેલ વાડી પાસે, પેડક રોડ, રાજકોટ | સીનરજી સર્કલ બ્રાન્ચ : ટાઈમ સ્કવેર 2, ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નંબર 5 અને 6, અયોધ્યા ચોક પાસે, 150 ફૂટ રીંગ રોડ, રાજકોટ | |

જે અરજદાર ની કુટુંબની વાર્ષિક આવક રૂ.૩.૦૦ લાખ સુધીની હોય અને સમગ્ર ભારતમાં પોતાનું ઘરનું ઘર ધરાવતા ન હોય તેવા કોઈ પણ અરજદારશ્રીઓ ઉપરોક્ત નિયત કરેલ બેન્કની કોઈપણ બ્રાન્ચમાંથી રૂ.૧૦૦/- ની ફોર્મ ફી(નોન રિફંડેબલ) ચૂકવી નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી શકશે. અરજદારશ્રીએ નિયત આધારો તથા વિગતો સાથે ભરેલ ફોર્મ **તા.૧૮/૧૦/૨૦૨૩** સુધીમાં ફોર્મમાં દર્શાવેલ બેન્કની નિયત શાખાઓમાં ડિપોઝીટ ની રકમ, રૂ.૫,૦૦૦/- (પાચ હજાર) રિફંડેબલ, સાથે જમાં કરવાનું રહેશે.

આવાસની સુવિધામાં EWS1 પ્રકાર માં એક રૂમ, એક હોલ, રસોડું, સંડાસ,બાથરૂમ છે, જેનો કાર્પેટ એરિયા(અંદાજીત) ૩૦.૦૦(ચો.મી.)છે. જ્યારે EWS-2 બે રૂમ, એક હોલ, રસોડું, સંડાસ,બાથરૂમ છે., જેનો કાર્પેટ એરિયા(અંદાજીત) ૪૦.૦૦(ચો.મી.)છે. EWS1 પ્રકારનાં આવાસ ની કિંમત રૂ.૩.૦૦ લાખ (ત્રણ લાખ) જ્યારે EWS-2 પ્રકારનાં આવાસ ની કિમત રૂ.૫.૫૦લાખ (પાચ લાખ પચાસ હજાર) છે.

મુદત વિત્યાબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. આવેલ અરજીઓ પૈકી ફોર્મ ચકાસણી બાદ માન્ય રહેલ ફોર્મ માટે આવાસની ફાળવણીનો "ઈ-ડ્રો" કરવામાં આવશે. આ માટે વધુ વિગતો અંગે રૂડા કચેરીના <u>ફોન નં.૦૨૮૧૨૪૪૦૮૧૦</u> પર સંપર્ક કરવા રૂડા કચેરીની યાદી માં જણાવેલ છે.

SD
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

| ક્રમ | સાઈટ નું નામ | આવાસનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ટી.પી. ૧૭ (મુંજકા), ફાઈનલ પ્લોટ નં. ૭૩ ફિલ્ડ માર્શલની વાડીની બાજુમાં, ઇસ્કોન મંદિરની પાછળ, કાલાવડ રોડ, મુંજકા, રાજકોટ | EWS ૧ (રૂ. ૩૦૦,૦૦૦/-) |
| ૨ | ટી.પી. ૧૭ (મુંજકા), ફાઈનલ પ્લોટ નં. ૭૯ ફિલ્ડ માર્શલની વાડીની બાજુમાં, ઇસ્કોન મંદિરની પાછળ, કાલાવડ રોડ, મુંજકા, રાજકોટ | EWS ૨ (રૂ. ૫૫૦,૦૦૦-) |
| ૩ | ટી.પી. ૧૭ (મુંજકા), ફાઈનલ પ્લોટ નં. ૮૯, અવધ કલબ રોડ, કાલાવડ રોડ, મુંજકા, રાજકોટ | EWS ૧ (રૂ. ૩૦૦,૦૦૦/-) |
| ૪ | ટી.પી. ૧૭ (મુંજકા), ફાઈનલ પ્લોટ નં. ૯૫, અવધ કલબ રોડ, કાલાવડ રોડ, મુંજકા, રાજકોટ | EWS ૨ (રૂ. ૫૫૦,૦૦૦/-) |
| ૫ | ટી.પી. ૦૯ (મુંજકા), ફાઈનલ પ્લોટ નં. ૩૧/અ, મુંજકા, રાજકોટ (વીર સાવરકર નગર) | EWS ૧ (રૂ. ૩૦૦,૦૦૦-) |

HDFC બેંકની નીચે જણાવેલ 5 શાખાઓમાથી વિતરણ તેમજ પરત લેવાની કામગીરી કરવામાં આવશે. અરજદારશ્રી HDFC બેંકની નીચે જણાવેલ શાખાઓમાંથી રૂ. ૧૦૦/- ભરી ફોર્મ મેળવી શકશે તેમજ ફોર્મ સાથે રૂ. ૫૦૦૦/- (પાચ હજાર પૂરા) ડીપોઝીટ પેટે ડી.ડી./ રોકડેથી જમા કરાવવાના રહશે.